भरथरी नाटकनां गायनो.

સ્વદેશ સુબોધ દર્શક મંડળી માટે ખાસ.

છપાવનાર

બુકસેલર છોટાલાલ છગનલાલ.

અમદાવાદ.

દીલ્હી દરવાજે માળીવાડાની પોળ

સામે વિશ્વેશ્વર પ્રેસમાં

ગીરધરલાલ રણછોડલાલે છાપ્યાં.

સંવત ૧૯૪૮ સને ૧૮૯૨

કિમત રૂ૦—૨—૦

૫૦૮૯

ભરથરી નાટકનાં ગાયનો.

વારાંગનાઓ— **પ્રાર્થના.**

સુરપતી, જગપતી, કૃપા અતી, કરી કરશ્વર;
જાનીદાસ, પુરો આસ, કામ ક્રોધ ને મદ હર.
લીલા લ્હેર, લીલા લ્હેર, ઠેર ઠેર, છે અમ્મર;
નાટય કળા કરૂં આજે, તેમાં હરી કર ધર.

ભરથરી— (ક્યા સોહામે રંગેજે—એ રાહ.)

વાહવા શોભે શું સુંદર કુદરતી રંગ,
આહાહા! એતો મન કરે છે મારૂં દંગ—વાહવા૦
ગ્રીષ્મ રતુનો છે બાહાર મઝાનો,
રમે રસીક રંગ રાગ પ્રીયાની સંગ— વાહવા૦
પક્ષીઓ પણ કીલ કીલ કરતાં,
ઉડે હવામાં લેવા આનંદ રંગ— વાહવા૦

વીક્રમ— **ગઝલ.**

વડીલ ભ્રાત વાત મારી સુંણીએ તમો;
રાજ કાજમાં અંધેર દેખીએ અમો—વડીલ૦
વિવેકી વિદ્વાન, ગુણ ખાણ, થઇ તમો,
કામ કુંડમાં પડી શું રંગમાં રમો!—વડી
દયાહીણ દેવ થઇ નીજ પ્રજા દમો,
એતો કંઇ ચિત વિષે હજુ છે સમે

ભરથરી— ગીતીવૃત.

વાત વીક્રમા તારી, રાજ રીતથી અંતરમાં ધરી;
ચાલ્ય હવે હું આવું, રાજ કચેરીમાં વસ્ત્રો ધારી.

દાસીઓ— કલ્યાણની ઠુંમરી.

સુણોને શાણી બાઇ અમારી વાત. (ટેક.)
પવન ઝરૂખે લ્હેર ખાવાને, બેઠા હતા માહારાજ; સુણો૦
વીક્રમજીએ ત્યાં કને આવી, દુભાવ્યા દિલ રાજ. સુણો૦
રાજ્યનું અંધેર સર્વે જાણ્યું, ગયા સજી ત્યાં સાજ. સુણો૦

પીંગળા— તરંગ.

રૂડી રસીલી છબીલી જે નાર, ધન્ય ધન્યરે એનો અવતાર;
કરી નવીન કળાઓ અપાર, વશ કરવો નીજ ભરથાર.
એમાં સમાયું ચરિત્ર બેસુમાર, માટે મેળવું નાથનો પ્યાર;
નીત્ય નવીન નવીન, રસ રંગ મહીં લીન, રહી દીન પ્રતીદીન,
લઉં સુખ સદાયે અપાર........................રૂડી૦
પણ વેરી એક જાગ્યો મારો, માટે કરીને પ્રપંચ હજારો,
...હું કાસળ એનું ઝટ, નહીંતો વધે ખટપટ.
...ર હવે તો તૈયાર........................રૂડી૦

ગઝલ.

આપના હુકમ મુજબ કર્યું અમે;
અહીં કરીયે અમે કહો તો તમે?
માહારાજની હમણાં આવશે,
...ના બાઇ તમને ફાવશે.

સીંહાનો કનરો.

ચંદ્ર વદન ચતુરા આ તારૂં;
ચોરી લીએ છે ચિત્તડું મારૂં. ચંદ્ર૦
ચુંબન કરતાં ઓષ્ટ આ મારાં;
ધન્ય થયાં બહુ એમજ વિચારૂં. ચંદ્ર૦
ભ્રમ્મર ખરેખર કામ ધનુષ્ય છે;
ઘાયલ મુજ મનનેજ કરનારૂં. ચંદ્ર૦
લાલ ગુલાબી ગાલ બન્યાછે,
નીરખી નયણે દુઃખ વિસારૂં. ચંદ્ર૦
મારૂં ચતુરા તુજને તનમાં,
અંતર જરી ન જણાયજ પ્યારૂં. ચંદ્ર૦

પીંગળા— ઉપરનો રાગ.

જન્મો જન્મ પ્યારા દાસી તમારી,
દિન વિયોગે ન જાય મારા. જન્મો૦
હાસ્ય વિનોદ અને કામ ક્રીડામાં,
રતી પતી લાજી રહે મારા પ્યારા. જન્મો૦
વીવીધ મારી કરી પ્રસંસા;
તે કયમ ભૂલે આ દાસી ઓ પ્યારા. જન્મો.

બ્રાહ્મણ— (ચલન કર ભલે એ રાહ.)

કૃપા કર તું હવે, માત દયા દિલમાં લે. કૃપા૦
ભક્તિ કરતાં વરસ થયા બહુ,
તોયે દયા કયમ લાવો ન દિલમાં ધારી જરી રેહેમ,
કંઈ રહાય દયાથી દે. નસીબ મુજ કંઈ ખુલે.

ને પથ્યમાં—આશીષ દઇ આપું તને અમરફળ હું આ,
પ્રાસન તેનું તુ કરી ડમ્મર સરખો થા.
રહે પછી ભક્તિમાં લીન, થઇશ સુખી તું દિન દિન.

બ્રાહ્મણ—ભાગ્યવાન ભૂપતિ ભરથરી.
જગમાં પ્રભુજી જીવો અતી.
અમર ફળ આ આરોગીને ટાળો તનની વિપત્તી
જગદંબા મુજને મળ્યું મહા મુલ્યું ફળ આ અરે;
સ્વીકાર રાખી તેહનો દરિદ્રતા અમારી હરે.

ભરથરી— **ગીતિવૃત.**
અમ્મર ફળ આપીને, ઉપકારી તેં બહુ કીધો મુજને,
જા તેના બદલામાં, હાર આપું છું હીરાનો તુજને.
વળી રોક રૂપૈયા, પાંચ હજારજ ખજાનચી દેશે;
તેની લે આ ચીઠી, હવે રહો મહારાજ ગૃહસ્થ વેશે.

બ્રાહ્મણ— **ત્રીતાળી ચોપાઇ.**
કરો કલ્યાણ ઇશ તમારૂં, ભાગ્યું દરિદ્ર આજ અમારૂં.
અમ્મરફળને આપ આરોગી, મન ગમતાં ભોગ લ્યો ભોગી.
પ્રજા પુત્રની પેઠે પાળો, ગૌ બ્રાહ્મણનાં દુઃખ ટાળો.
જેથી વધશે જગમાં તમારો, જશ ડંકો વિદેશે સારો.

ભરથરી— (દેખી તેરી વફાદારી—એ રાહ.)
લે ફળ પ્રીયા મારી, ખાઇ અમર થા પ્યારી. લે૦
છે સ્વાદીષ્ટ પણ અપાર, આવે બહુ પ્યાર;
માટે આ વાર, ખા તું હર્ષ ધારી. લે૦

પીંગળા— **ઉપરનો રાગ.**
વો હુકમ સ્વામીરાજ, ખાઊં હર્ષધરીને આજ. જેવો૦

...ભુ ફળ ધરીને પ્રીત, ધારી મુજ હીત;
...ગા રહું નિત્ય, તમ રસીકના રસમાંજ. જોવો૦

...પાળ— આશાગોડી.

કામ કળા બહુ ન્યારી, આહા જગમાં, કામ કળા બહુ ન્યારી.
વ્યસન એ જે જનને વળગે, કીસમત તેનું ભારી. આહા૦
ભરથરી ભુપની પ્યારી પીંગળા, કેવી કરી વશ મારી. આહા૦
આજે અમરફળ આપ્યું મુજને, પ્રીત બતાવવા ભારી. આહા૦
ચાલ હવે હું એ ગુણવતીને, આપી અમર કરૂં પ્યારી. આહા૦

વીક્રમ— (મને મુકીને પ્રીયા—એ રાહ.)

ફરકે છે ચિત્ત આજ પ્રભુજી મારૂં આમ, અરે રામ,
હાય આમ, શા કામ, અરે રામ, હાય, થાય;
હાય, હાય! ફરકે૦

વીક્રમ—શું બાઇ આમ મુને, કરી રખડતો;
સુખમાં થશો મગન મુકીને પડતો. શું૦
આપનો હુકમ માની રહેતો હું સદા;
નહીં કોઇ કામમાં કદીએ કનડતો. શું૦

ભરથરી— (ક્ષત્રી કલંક કેમ લેશેરે.)

ચુપ ચુપ બસ જાણ્યું તારૂં પાપ, ઉજ્જેનીમાં ન હવે રેહેનોરે.
પાપી પડી વ્યભીચારી તણી છાપ; ઉજ્જેનીમાં૦
જાણી છોરૂ તારો રાખ્યો મેં વિશ્વાસ. ઉજ્જેનીમાં૦
થઇ કામ વશ આપ્યો મને ત્રાસ ઉજ્જેનીમાં૦
જો હોત કદી આમાં બીજો જન. ઉજ્જેનીમાં૦
તેનું છેદી છેદી વીંધી નાંખત તન; ઉજ્જેનીમાં૦

પણ દયા તારી આવે છે નાદાન. ઉ૦
માટે ઝટ તું અહીંથી જાને રાન. ઉજ્જેની
નવ હવે મને દેખાડતો મૂખ; ઉજ્જેનીમાં-
તેંતો લજવી છે માતા તણી કૂખ. ઉજ્જેનીમાં૦

વીક્રમ— (મને સમજે શું હેવાન સમાન—એ રાહ

મને સમજો શું નાદાન સમાન,
નથી હું નાદાન, કે હેવાન, કે સેતાન, મને૦
ભ્રાત ભ્રાત રે લગાર, કરો દીલમાં વિચાર,

ભરથરી— નથી સુજાત નાદાર, દીસે દગાખોર અપાર,

વીક્રમ— જોજો આમાં ભાઇ, છેવટે રેહેશો પસ્તાઈ,
માટે સમજો સમજો કંઇ, વાત ધરી કાન. મને૦

ભરથરી— (નિર્બળ શત્રુ શબળ રાજ્યપર—એ રાહ)

ધીક ધીક પાપી જા જા અહીંથી આ શું કરવા માંડયું છે.
હાથે કરીને હૈયાફુટાં સ્વર્ગ તણું સુખ છાંડયું છે,
બસ બસ તારૂં અહીં નહીં જોઇએ કદી મૂખ, (૨)
જા જા ઝટ જંગલમાં, મૂજથી થા બિમૂખ, (૨)
પાપી આજ લજાવી છે માતા તણી કૂખ—બસ૦

વીક્રમ— રાગ ઉપરનો.

ભરથરી ભ્રાતા આ શું બોલો મતી વિસારી મનથીં છેક!
નથી નથી કદીએ તોડી પાપી થઇને મેં તો ક્ષત્રી ટેક.
તોએ આરોપ આપો છે મને આજે આમ કેમ ?
નકી કોઇએ ભંભેરીને ઉપજાવ્યો વ્હેમ,
પણ આપ વિચારીને લાવો દિલ રેહેમ—તોએ૦

– (આહા પ્રભુ અજબ—એ રાહ.)

કરનાર કુડાં કૃત્ય, જા દૂર દૂર દૂર,
નહીં તો આ શમશેરવતી કરૂં ચૂર ચૂર.

વીક્રમ— ભ્રાત ભ્રાત ભ્રાત થાઓ કેમ ક્રૂર,
શોભે ના વિચારો, ઘટે નૂર નૂર નૂર.

ગુણુકા— (દુલહન માગે સારીન એ રાહ)

મ્હોબત મારી તુપર ઓ પ્રાણ,
જીગરના જંજીરમાં કર મને મેહેમાન. મ્હોબત૦
મુખડો તમારો માહાતાબ સરીખો,
પરી પલક થાય પરેશાન. મ્હોબત૦
મ્હોબત માગું મ્હોબત બોલું,
પ્રીત પ્યાલો, પાઓ દિલજાન. મ્હોબત૦

અશ્વપાળ— રાગ ઉપરનો.

સાંભળરે ઓ નાર નવ જાન,
થઇ છે મ્હોબત તું પર મેહેરબાન. સાંભળરે૦
મ્હોબતની નીસાન છે ગુલાબનું ફુલ;
સદા રેહેજે તું તેપર કુરબાન. સાંભળરે૦

ગુણીકા— (સુંનો યારા રાગની ગમકી એ રાહ.)

વાહ ! પ્રભુ ગતી તુજ ન્યારી, હીમ્મત તારી છે ભારી;
કરે પય ઘૃતને તું વારી, નહીં તુલ્ય અરે કો' તારી.
ફૂળ માહારાજાજી વાળું, આજે નજરે હું ભાળું,
છે કપટ આમાં કાળું, માટે ઝટ જઇને આલું;
તો વધશે કીર્તિ મારી..........................વાહ૦

પ્રધાન— ગઝલ.

રાજધાનીમાં છે રાય આનંદ આનંદ આનંદ,
નથી ચાલતાજ જુવારીઓના ફંદ ફંદ;
રાય આપ જેવા પ્રજા પામી સુખકંદ,
ઇશના પ્રતાપે ઉગ્યા સોનાનાજ ચંદ.

વારાંગનાઓ—ખમાચ કાફી પંજાબી ઠુંમરી.

સઇયાં તોરે પઇયાં લાગું બઇયાં ન મરોર,
અપની કહેતન સુનત કછુ મોરી;
દેખો બરજોરી કરડારી બંઇયા જકજોર સંઈયાં.
હું બીજનારી દેખી તોરી ચતરાઇ,
તોરી તબ ન લાગી કાંઇ ઓરસે મોરી;
આલી સનદ પીયીસે કછુ બન ન પડત. સંઇયાં.

માહાડ—ચાલ કેરબાની.

છેલા મત પીને દારૂડી, હો નીંદીઆને આન જગાઇરે;
બાલમને આજ જગાઇયે, સોતીને રેન જગાઇયે. છેલા૦
દારૂની ધીકી ધીકી માંથે મટુકી મારે ચુડલે ચુંક જડીસી.
ઉભી બાલમ અરજ કરે છે, મારો બાલમ રૂસો જાયરે. છેલા૦

ભેરવી દાદરો.

પીયા પાપી ન જાગેરે, હો જગાય હારીરે હો જગાય૦
ઉઠરે નણંદીયા ચલો જળ પાણી;
છોટા દીયરા ન જાગેરે, જગાય હારીરે૦
નીચે બસે ગંગા ઉપર બસે કાસી.
એક થીડીયાં બોલી મોરા પીયા બીજબાસી. પીયા૦

(ક્યા ખુદાને યહ કીઈ હયે. એ રાહ.

વાત સુણીને તારી આવી આ,
દીલ મારૂં બહું ડોલી રહ્યું.
શું વ્યભીચારી નીવડી નારી,
કપટ કરીને મુજને મારી;
અરરરરરર શો આ ઉત્પાત! વાત૦

(દેખા દંગઇકા. એ રાહ.)

ધન્ય તને હે નાયકા, જગતમાં ધન્ય તને હે નાયકા.
ખરી જાત છે સુજાત, કર્યું પોકળ પ્રકાશ;
ઘણી નાયકા ચતુર, તેં બતાવ્યું તે પુર;
પ્રત્યક્ષ તારી વાયકા........................ધન્ય૦

ભરથરી-- (એસે ધોકા દેને વાલે. એ રાહ.)

વાંહ જગમાં ઠગારી નારી, આજે મેં નીહાળી. ટેક.
ખુબ ચાલાકી ચલાવનારી, પ્રેમમાં પલળાવનારી;
રંગરસમાં રમાડનારી, જારમાં ઝડપાવનારી. જગમાં૦
ભલભલા જનનું મન હરી, વશ કરી, ધન હરી, કદી નહી એસે ઠરી;
નાંખેછે ખુવાર કરી, કરે ખોટા ખોટા પ્યાર, સાંધે સ્વાર્થ તે અપાર.
ઘણો છાનો રમી જાર. વળી થાયે સતી નાર. જગમાં૦

ગઝલ.

પુરૂષ નારીથી ઠગાય એમાં શું અજબ,
એ ધુત્તારીઓ કરે ઘણા ઘણા ગજબ. પુરૂષ૦
કંઇકને ખુવાર કરી કંઇકને માર્યા,
મોટા મોટા વીરનો મરવાનો એ સબબ. પુરૂષ૦

પીંગળા— (દયાળુ દેવ કૃપાળુ તું—એ રાહ.)

અરેરે નાથ, જોડું છું હાથ, કરોને ક્ષમા, થયો અપ
ભુલી નાદાન, થઇ હેવાન, પડી કામ વશ, રે પ્રીય
મળી સોબત, ભુંડી ભારી, પડી પરવશ રમી જારી.
પૂરવનાં પાપ, નડયાં આજે, તજી તેથી, મને રાજે.

ભરથરી— પદ.

ફરના ફકીરી ભજના સાહેબ, કયા ખીરાની આશરે,
ઘેર ઘેર ટુકડા માંગકર ખાના, કછુ ન રખના પાસરે કર.
ખભે કામલીયાં,ને હાથમાં તુમડીયાં, જંગલ ફરનાં બાસરે. કર.

પીંગળા— (પીતાજી આ કોપ એ રાહ.)

અરે માહારાજ કૃપા કંઇ કરી,
ન જાઓને સ્વામી દયા દિલ ધરી;
નહીં જોગી થાવા કદી હું તો દઉં,
મરૂં આપ પુંઠે જુદી નહીં થઉં.
થયો અજ્ઞાનપણામાં જે વાંક,
કરો ક્ષમા સ્વામી ગણીનેજ રાંક;
હવે હું કદી નહીં કરૂં કુડું કૃત્ય,
સુંણો જો કદી તો મને દેજો મૃત્ય; ૧૧

ભરથરી— પદ.

સંગત મત કરના ખોટી, દુનિયા ઉલટી હે જુઠી. ટેક.
સગા ભાઇ સો જુઠા બોલે, સાલેકુ સનમાન,
બાપ્ર બાપ તો ભીખ માગે, સસરેકુ દે પકવાન. સંગત.
કોરી કોરો માયા જોરી, લાખ કરોરા મોટા;

ાંઇ રામજીકી, અબ લગાદીયા લંગોટા.   સંગત.

લાવણી.

ના જંગલમેં હમારે જાનાં જંગલમેં;
રામ નામકું રટલે દીલમેં ક્યું કે કાયા પડત પલમેં. જાના.
ગુરૂ જાલધરકે ગ્રહોચરના, કટે તેરા જન્મ ઔર મરના;
યહ સંસાર સમુદ્રસે તરના બુડમતી છલમેં. જાના.
બાત અમારી માન તું મનમેં ચેત અરે ચાતુરઅકલમેં. જાના.

પીંગળા— (ન બોલો તારા તારા એ રાહ.)
ન જાઓ પ્યારા પ્યારા, હે પ્યારા, ઓ મારા. ન જાઓ.
છો પ્રાણથી પ્યારા, થશો નહીં ન્યારા, જશે પ્રાણ મારા. ન જા.
આપ છો દયાળુ સારા, કરો કેમ આમ ધારા;
બળે ઝાળે અંગ મારા, થશો નહીં ન્યારા, જશે પ્રાણ મારા. ન.
પ્રીતમ પ્રીત આમ શું, તોડી દો આહાર,
મેં દુઃખીઆરી આપ વીણ ગુરૂ અપરંપાર.
માટે સ્વામીજી જરા સૂખ દીજીએ,
પડું ચરન આપ શેવામાં લીજીએ પ્યારા૦ ન જાએ. ૧૨

ગોપીચંદનનો.

પ્રજા—
ઉજેનપતી આ, કરવા માંડયો છે કોપ શો ?

ભરથરી— ઈશ્વરની ઇચ્છા, એમાં કરવોરે શોચ શો?
કર્મ લેખ જ્યાં સુધી સવળા, ત્યાં સુધી હોય સૂખ,
અવળા થાતાં અળગાં રે' સૌ, પડે કાયાએ દુખરે ઇશ્વર.

પ્રજા— પણ માહારાજા આપ વીના કદી, પડે નહીં દીલચેન,
પુત્રની પેઠે પાળે કોણુજ, રક્ષા કરી દીન રેનરે. ઉજેન૦

ભરથરી—વ્હાલી પ્રજા શાન્તી પામો, મોકલું વીક્રમ
જઇને ઝટ જંગલ માંહી, પછી થાશુ ફકીરરે.
પ્રજા— વીક્રમને વેગે પ્રભુ, મોકલજો આ ઠાર,
નહીં તો નિશ્ચે જાણો અમે, પડશું નીરાધારરે, ઉજ્જૈ.
ભરથરી—વેગે વીક્રમને સમજાવી મોકલી દઇશ તતકાળ,
ભેખ ધરીને વન વન ભટકી, મેળવી તેની ભાળરે. ઇશ્વર૦

પ્રજા— ગઝલ.

ઉજ્જૈણીની હાય પ્રભુ શી થશે ગતી,
છોડી તોડી પ્રીત ચાલી ગયા મહીપતી. ઉજ્જૈણીની૦
આસરો તમારોં હવે હે જગત પતી,
લઇ સંભાળ, ચિરકાળ વિદાર વિપત્તી. ઉજ્જૈણીની૦

ભરથરી— દશા ચક્ર ગતી ન્યારી, ફરતી સૌના ઉપર રહેછે,
પશુ પક્ષી જળ જંતું, સર્વે માંથે પડી તે સહેછે.

વીક્રમ— ચલતીનો રાગ.

પ્રભુ પુરે શું આજ મારી હામ હામ હામ;
સદા રાખે ખુશીમાં હવે રામ રામ રામ.
ધાર્યું થશે શું હવે કામ કામ કામ;
જશ પામીશ જગમાં હું ઠામ ઠામ ઠામ.

ભરથરી— (અફસોસ કે આંખોએ એ રાહ.)

હે ભાઇ ભુલ્યો ભરથરી ભારે બુદ્ધિવાન,
નારીના ભરૂસે હું થયો છું હેરાન. હે ભાઇ૦
અસાર આ સંસાર હવે નથી ગમતો;
દીધું તને દુઃખ તે વિયોગ દમતો. હે ભાઇ૦

પુત્ર રાજ પાટ ભાઇ જઇને સંભાળ,
પ્રજાની પીડા હરી થાને તું દયાળ. હે ભાઇ૦
...તાં—હો ભાઇ મારા સંકટ શી રીતે સેહેવું,
...રથરી—છે ઇશ્વર ઇચ્છા માટે વિયોગે રેહેવું.
વીક્રમ—રેહેતાં રહેતાં સાથે ભાઇ સુખને દુઃખ સદાય,
હવે એકલાં રેહેવાથી મુજ મનને કંઇ કંઇ થાય. હો૦
ભરથરી—સમજુ ભારી કંઇ વિચારી હવે રાજ્ય સંભાળ,
પ્રજા બીચારી એકલી પડી થઇ જશે કંગાળ રે. હો૦
જોગીઓ— લાવણી.
અહાલેક જાગે ગુરૂજી અહાલેક જાગે;
કોણુ કીસીકા બેટા ગુરૂજી અહાલેક જાગે.
ભરથરી—સબ સંસારકુ છોડ દીયા ઓર રાજપાટ ત્યાગે,
સેવા સુમરન કરના નીશદીન રેહેના ગુરૂ આગે. ગુરૂજી૦
કામ ક્રોધ મદલોભકો તજદે તજદે અનુંરાગે,
આદી પુરૂષ એક નામ રટેસે કુકૃત્યો ભાગે, ગુરૂજી૦
દાસીઓ— (એસે ધોકા દેનેવાલે એ રાહ)
જુઓ અલેક જગાકે બાઈ ભરથરી આયા આંઈ. ટેક.
ભગવા બનાયા બાઇ, સીરકો મુંડાયા બાઈ,
સીંગીકો સનેહે સાઇ, દ્વારપે રહ્યા બજાઈ જુઓ૦
રાણી—જારી એ દરદારી મારી, કરૂંગી બેજારી મોહે ન જાને તુ ન જાને,
મેં ખાલકો ખીચવાઇ ડારૂં પહેછાને ન પહેછાનેં
દાસી—કોપ મતી કીજે માત,

રાણી—મારૂંગી મેં તોહે લાત,
દાસી—સચ્ચે સચ્ચી કહેતી બાત.
રાણી—ચુપ રહે તુમ કમજાત   જાઓ.
નાથ તજકે પ્યાર નવ જાવે કદી બ્હાર ઉસ્સે ન જાને તું ન જા
તું મેરે દીલકી ઓદારકો કયા પહેછાને ન પહેછાને.
જોગી ખડે હએંગે દુવાર, મતી કરતું શોરો સાર;
દાસી—ચાલો જાકે દેખે બ્હાર,
રાણી—મારૂંગી મેં તોહે માર;
દાસી—કરો મતી ગમ,
રાણી—તેરા લે લુંગી દમ.
દાસી—ગુસ્સા કીજીએ નરમ;
રાણી—મોહે મીલેગી સનમ.
જાઓ જાઓ ઝટ જાઓ હ્યાંસે મેરે દીલકો જનાથા, જાઓ૦
પીંગળા—   **લલીતછંદ.**
અરર નાથરે, છોડ કયું ચલે, અજબ છતીઆં, આજતો જલે;
આપકે બીના, કયા અરે કરૂં, પ્યારે નાથ બીન, ઝેર ખા મરૂં.
ગુરુ આપકા, કયું ન મર ગયા, કાન ફાડને, આઇ ન મયા.
ભરથરી— દશા આ શી થઇ મારી. એ રાહ.
બટા શીરપે, દીયા ભારી, અરે નારી, બ્યભીચારી.   ટેક.
શરમ નહીં આઈ જરા, કીઆ અરે કુકૃત્ય;
લાજ છોડદી જગતકી, છોડ દીઆ પુની સત્ય.
કટારી ગમત મારી, બટા-શીરપે દીયા ભારી.   અરે.

ક્ષમાં લેશ તું, કરનેમેં વ્યભિચાર,
કરતા'તા તુજકી, પણ મેં હું લાચાર.
તાં અમ મેં બારી બટા શીરગે દીયા ભારી. અરે૦

રાગ ભરથરીનો.

(જનુની જીવોરે ગોપીચંદની એ રાગ.)

પીંગળા— સ્વામી ક્ષમા કરો મને, હું છું અજ્ઞાન નારજી;
આપ અતી દયાવાન છો, પરદુઃખ ભંજનહારજી.
ક્રોધ તજો પ્રભુ માહરા.
કુડીરે સોબતથી કામમાં; વશ થઈ પડી અંધજી,
માટે નિર્દોષ ધારીને, બાંધો પુનઃ પ્રેમ બંધજી.
ક્રોધ તજી પ્રભુ માહરા.

ભરથરી—ચરિત્ર રાણી છોડો તમે, હાથે શોધીને કુપજી,
પડ્યાંરે તમે તેમાં શું કરે, ભોગી થઇ હવે ભૂપજી.
હવે તો અલેક જગાવીશું.
ગુરૂજી અમારા ગુસ્સે થશે, માટે આપોને ભીખજી;
હજી જાવું સારા શેહેરમાં, માટે છોડી દીયો જીકજી.
હવે તો અલેક જગાવશું.

પીંગળા—આમ દયાહીન રાજ થઇ, બોલો છો કેમ વેણુજી;
દયા લાવો માહરી, જોઇ હાલતં નેણુજી.
ક્રોધ તજો પ્રભુ માહરા.
રાજ કાજ સુનાં પડ્યાં, કરે દુશ્મન કેરજી;
ગાદી ફરી હોંસે ગ્રહી, વાળો તેમનું વેરજી.
ક્રોધ તજો પ્રભુ માહરા.

ભરથરી—રાજકાજ નથી ભાવતાં. નથી દુશ્મનથી ડર;
નાથ નીરંજનને ભજી, કરશું જંગલે લ્હેરજી.
હવે તો અલેક જગાવીશું.

વીક્રમ—ભ્રાત ભ્રાત પ્રીય ભ્રાતરે, માનો મારૂં વચનજી;
રાજ ગાદી તમે ભાળવો, કાઢી નાંખી કફનજી.
ક્રોધ તજી પ્રભુ માહરા.

ભરથરી—રાજ ગાદી તને ભાળવી, સંપે ચાલો સૌ સાથજી;
હમારે મને હવે એક છે, **શ્રી ત્રીભુવન જગના નાથજી.**
માટે અલેક જગાવીશું.

બધાં—જગમાં કરૂણાકર અકળગતી;
નવ કોઈ પામે પાર.......................જગમાં.
તરૂણાનો તુ મેરૂ કરે છે, જળને સ્થાને સ્થળ;
સુર્ય ચંદ્ર સર્વે તારા, આહા અતીશય બળ, જગમાં.
વીક્રમ વીરને ગાદી આપી, ભરથરી ધારી જોગ;
ક્ષણિક આ સંસારની માયા, ધારી ત્યાગો ભોગ. જગમાં.

બારાંગનાઓ—જન મન જાણુ જગદીશ્વર જનનન;
ધર્મધાર ધરનાર તુ ધનનન;
હર હર હર હર બોલો જય જયકાર, જગમાં.

સમાપ્ત.

જાહેર ખબર.

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અ.
દુકાને નિચે લખેલાં પુસ્તકો વેચાથી મળશે.

	રૂ. આ. પૈ.
ભતૃહરીના નાટકનાં ગાયન.	૦—૨—૦
હરીશ્ચંદ્ર ને તારામતી નાટકનાં ગાયન.	૦—૨—૦
રાણકદેવી ને રાયખેંગારનાં નાટકનાં ગાયનો.	૦—૨—૦
ચાંપરાજ હાડાના નાટકનાં ગાયન.	૦—૨—૦
જગદેવ પરમારના નાટકનાં ગાયન.	૦—૨—૦
વનરાજ ચાવડાના નાટકનાં ગાયન.	૦—૨—૦
સુમતીવીલાસ લીલાવતીનાં નાટકનાં ગાયન.	૦—૨—૦
સદેવંત સાવળીંગાનું નાટક.	૦—૨—૦

આ શિવાય વૈશ્નવ ધર્મનાં તથા જૈન ધર્મનાં પુસ્તકો, વારતાઓ તથા સરકારી ચોપડીઓ વિગેરે બીજી ઘણી જાતનાં પુસ્તકો અમારી દુકાને રોકડી કીંમતે વેચાતી મળશે. જેઓને જોઇએ તેમણે પોષ્ટપેડ કાગળ લખવો. નોટપેડ પત્ર લેવામાં આવશે નહીં.

છોટાલાલ છગનલાલ.

ઠે. અમદાવાદમાં રીચીરોડ ઉપર

અમદાવાદ વિશ્વેશ્વર પ્રેસ—સર્વે સદગ્રહસ્થોને ખબર આપવામાં આવે છે કે અત્રે અમારા પ્રેસમાં જેઓને ગુજરાતી, શાસ્ત્રી, ઇંગ્રેજી, લીથોગ્રાફ તથા કાચુ પાકુ બાઇન્ડીંગ વીગેરે જે જે કામ કરાવવું હશે તેમને ઘણું સારૂ અને સસ્તુ કરી આપવામાં આવશે.

સરનામુ—વિશ્વેશ્વર પ્રેસના મેનેજર ઠે. દીલ્હી દરવાજે માળીવાડાની પોળના સામે—અમદાવાદ